# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

......................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં સોમનાથ પાસે આવેલા દીવમાં 'આઇએનએસ ખુખરી'ને સમર્પિત ખુખરી સ્મારક અને સંગ્રહાલય અંગે વાત કરી હતી. આ સંગ્રહાલયમાં આપણા દેશના સમુદ્રી અને ભારતીય નૌ સેનાના ક્રમિક વિકાસને જોઈ શકાય છે. શ્રી મોદીએ વિશેષ રીતે સૈન્ય ઇતિહાસમાં રુચિ રાખનારા લોકોને આ સંગ્રહાલય જોવાનો આગ્રહ કર્યો હતો.

(બાઈટ -- આઇએનએસ ખુખરી)

શ્રી મોદીએ ભારતે ૩૫૭ મીલીયન ટનના ખાદ્યાન્ન ઉત્પાદન સાથે એક ઐતિહાસિક વિક્રમ સર્જ્યો હોવાનું કહ્યું હતું. મધનું ઉત્પાદન છેલ્લા 11 વર્ષમાં બમણું થયું હોવાનું તેમણે કહ્યું હતું. રમતની દુનિયામાં પણ ભારતે વિજયપતાકા લહેરાવી છે. કેટલાક દિવસ પહેલાં જ ભારતને રાષ્ટ્રસમૂહ રમતોની યજમાનીની પણ ઘોષણા થઈ આ ઉપલબ્ધિઓ દેશવાસીઓની છે તેમ જણાવતા તેમણે 'મન કી બાત' દેશના લોકોની આવી ઉપલબ્ધિઓને , લોકોના સામૂહિક પ્રયાસોને જન સામાન્યની સામે લાવવાનો , એક સારો મંચ હોવાનું કહ્યું હતું. ઇસરોની ડ્રોન સ્પર્ધાના વિડિયોમાં આપણા દેશના યુવાનો અને વિશેષ રૂપે , આપણા Gen-Z મંગળ ગ્રહ જેવી પરિસ્થિતિઓમાં ડ્રોન ઉડાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

હરિયાણાના કુરુક્ષેત્રમાં મહાભારતની ગાથાને ૩-ડી , લાઇટ અને સાઉન્ડ શૉ અને ડિજિટલ ટૅક્નિકથી દેખાડવામાં આવી રહી હોવા અંગે તેમણે આ મુજબ કહ્યું હતું.

(બાઈટ -- મહાભારત કુરુક્ષેત્ર)

. . . . . . . . . . . . .

# PANCHMAHAL GAU TASKARI ACT

પંચમહાલ જિલ્લામાં રાજ્યમાં પ્રથમ વખત ગૌ -રક્ષા સ્ક્વોર્ડની રચના કરાઈ છે. જિલ્લામાં ગૌવંશની સુરક્ષા , કલ્યાણ અને ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવા માટે આ સ્ક્વોર્ડ આગામી દિવસોમાં સતત સક્રિય રહેશે.

પંચમહાલ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ગઠિત આ વિશેષ સ્કોવોર્ડમાં કુલ આઠ અધિકારીઓ અને જવાનોનો સમાવેશ કરાયો છે. તેમાં એક PSI, કૉન્સ્ટેબલ અને છ પોલીસ કૉન્સ્ટેબલ હશે. આ ટીમને ગૌ-સંરક્ષણ સંબંધિત કાયદાઓ , ઓપરેશન્સની રીતો અને જોખમભર્યા વિસ્તારોમાં કામ કરવાની ખાસ તાલીમ આપવામાં આવી છે. તેના કારણે આ સ્કોવોર્ડ જિલ્લાના દરેક ખૂણે ઝડપી અને અસરકારક રીતે કાર્યવાહી કરી શકે છે.

. . . . . . . . . . . . .

# AGRICULTURAL RELIEF PACKAGE

રાજ્યમાં થયેલા કમોસમી વરસાદના પરિણામે ખેડૂતોને આપવામાં આવેલા કૃષિ રાહત પેકેજની નોંધણી માટેની સમય મર્યાદા વધુ સાત દિવસ લંબાવવામાં આવી છે. ખેડૂતો હવે આગામી 5 ડિસેમ્બર સુધી રાહત પેકેજ માટે નોંધણી કરાવી શકશે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યમાં હજુ પણ જે નુકશાનગ્રસ્ત ખેડૂતોએ સહાય મેળવવા માટે અરજી કરવાની બાકી હોય , તેવા તમામ ખેડૂતોને આ સાત દિવસમાં અરજી કરવા અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# RAILWAY

રેલ્વે દ્વારા ટિકિટ બુકિંગ પદ્ધતિમાં કરાયેલા ફેરફાર અનુસાર તત્કાળ ટિકિટ હવે વન-ટાઇમ પાસવર્ડ એટલે કે OTPની ચકાસણી બાદ જ મળી શકશે. બુકિંગ સમયે મુસાફર દ્વારા અપાયેલા મોબાઇલ નંબર પર આ OTP મોકલવામાં આવશે.

શરૂઆતમાં આ નવી પ્રણાલી પહેલી ડિસેમ્બરથી મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન પર લાગુ કરાશે.આ ફેરફારનો હેતુ તત્કાળ બુકિંગ પ્રક્રિયાને પારદર્શક બનાવવાનો અને વધુ સુવિધા પૂરી પાડવાનો છે.

. . . . . . . . . . . . .

# CHHOTA UDAIPUR POLICE PARIVAR SAHAY

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી પોલીશ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ રાઠવાનું માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું. પોલીસ કર્મચારીના પરિવારને જિલ્લા પોલીસ વડા ઈમ્તીયાઝ શેખ અને જિલ્લા પોલીસ પરિવાર તરફથી 6 લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે.

આ નાણાકીય સહાય આપી પરિવાર ઉપર આવી પડેલ દુઃખદ ઘડીમાં પોલીસ પરિવાર તરીકે પડખે ઉભા રહી સાત્વના પાઠવી હતી.

………………………………

# POTHI YATRA

પાટણમાં ગૌભક્તિ મહોત્સવનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આવતીકાલથી શ્રીમદ્ ભાગવત ગૌ કથાનો પ્રારંભ થશે.

પાટણ શહેરમાં હાથીની અંબાડી પર પોથી યાત્રા નીકળી હતી. આ પોથીયાત્રામાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી લોકો જોડાયા હતા. આ પોથીયાત્રામાં અનેકવિધ ટેબ્લો અને વિવિધ ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પોથીયાત્રાના સમગ્ર માર્ગમાં વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના સેવા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આવતીકાલથી હરિઓમ ગૌ શાળા - ગૌ હોસ્પિટલ ખાતે અણહિલવાડ ગૌભક્તિ મહોત્સવમાં જાણીતા કથાકાર રમેશભાઈ ઓઝા ના મુખેથી હજારો ભાવિકજનો શ્રીમદ ભાગવત કથાનું રસપાન કરશે.

આ સમગ્ર ભાગવત કથા સપ્તાહને અનુલક્ષીને મોટાપાયે સુંદર આયોજન વ્યવસ્થા કરવામાં આવી છે. જનતા માટે દરરોજ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે

ભાગવત કથા દરમિયાન વાલ્મિકી સમાજની **51** દીકરીઓના કુમકુમ પગલા પાડીને કથાનો પ્રારંભ કરવાનો નિર્ણય કરાયો છે

..................................